શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070

શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

દુકાન ભાડે આપવાની છે
અર્નવ પોઈન્ટ
૧૫X૩૦ગ્રાઉન્ડ + ફસ્ટ ફ્લોરની
દુકાન ભાડે આપવાની છે.
સુરતીબજારમાં રોડ ટચ દુકાન
ભાડે આપવાની છે.
સંપર્ક નંબર
૯૯૧૩૪૧૮૧૮૧,૯૬૩૮૭૨૮૧૮૧

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સંર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૧૬-૦૯-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

# કેજરીવાલની મોટી જાહેરાત, બે દિવસ બાદ દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દઈશ



**દિલ્હી,** દિલ્હી લિકર પોલિસી કેસમાં ૧૭૭ દિવસ બાદ જેલથી છૂટ્યા પછી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે પાર્ટીના કાર્યાલયે પહોંચ્યા હતા અને આપના કાર્યકરોમાં ફરી જોશ પૂરવાનું કામ કરતાં સભાને સંબોધી હતી. આ દરમિયાન તેઓ આક્રમક મૂડમાં દેખાયા અને સીધા જ ભાજપ પર આક્રમક પ્રહાર કર્યા. આ દરમિયાન તેમણે મોટી જાહેરાત કરી કે, 'હું બે દિવસ બાદ સીએમની ખુરશી પરથી રાજીનામું આપી દઈશ.'કેજરીવાલે કર્યું મોટું એલાન કેજરીવાલે કહ્યું કે 'હું આગામી બે દિવસમાં રાજીનામું આપી દઈશ. હું તમારી અદાલતમાં આવ્યો છું. હવે તમે જ નિર્ણય કરો કોણ સાચું હતું. મનીષ સિસોદિયા પણ મુખ્યમંત્રી નહીં બને. દિલ્હીની ચૂંટણી ફેબ્રુઆરીમાં છે, પરંતુ અમારી માગ છે કે મહારાષ્ટ્રની સાથે નવેમ્બરમાં જ ચૂંટણી કરાવવામાં આવે. ત્યાં સુધી આમ આદમી પાર્ટીનો કોઈપણ નેતા મુખ્યમંત્રી બની શકે છે. હું અને સિસોદિયા હવે જનતા વચ્ચે જઈશું અને અમે ગુનેગાર કે ઈમાનદાર એ પ્રજાને નક્કી કરવા દઈશું. હવે દિલ્હીના સીએમની શક્ય એટલી ઝડપથી પસંદગી કરી લો. જ્યાં સુધી લોકો ફેંસલો ના કરે કે, કેજરીવાલ પ્રામાણિક છે કે નહી, ત્યાં સુધી ખુરશી પર નહીં બેસું. કેજરીવાલ પ્રામાણિક લાગતો હોય તો 'આપ'ને ભરપૂર વૉટ આપજો.' કેજરીવાલે કરી ભવિષ્યવાણી! જામીન મળ્યાના બે દિવસ બાદ પહેલી સભાને સંબોધતા કેજરીવાલે કહ્યું કે, 'સત્યેન્દ્ર જૈન, અમાનતુલ્લાહ ખાન પણ જેલમાંથી ઝ઼પથી બહાર આવી જશે. દિલ્હીના લોકોએ અમારા માટે પ્રાર્થના કરી એ બદલ હું તેમનો આભારી છું. મેં જેલમાં અનેક પુસ્તક વાંચ્યા જેમાં રામાયણ-ગીતા વગેરે સામેલ છે. હું મારી સાથે ભગત સિંહની જેલ ડાયરી લાવે છું, જેલમાં મેં તે પણ વાંચી. 'અમારા નાનકડા પક્ષે દેશનું રાજકારણ બદલી નાંખ્યું કેજરીવાલે કહ્યું કે 'અમારા નાનકડા પક્ષે દેશનું રાજકારણ બદલી નાખ્યું છે. જેલમાં વિચારવાનો સમય મળ્યો. મેં જેલમાંથી એક જ પત્ર લખ્યો હતો એ પણ ઉપરાજ્યપાલને. એ પત્ર મને પાછો મોકલી દેવાયો અને ચેતવણી આપવામાં આવી કે બીજી વખત પત્ર લખ્યો તો પરિવારને પણ મળવા નહી દઈએ. અમારા પક્ષને ખતમ કરવા માટે ભાજપે કાવતરું ઘડ્યુ હતું જે નિષ્ફળ રહ્યું. ઊલટાનો હું તો વધુ જુસ્સા સાથે જેલમાંથી બહાર આવ્યો છું.' શનિવારે હનુમાન મંદિરે જઈ દર્શન કર્યા હતા શનિવારે (૧૪મી સપ્ટેમ્બર) અરવિંદ કેજરીવાલ કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા હતા અને પૂજા કરી હતી. આ પ્રસંગે તેમની સાથે તેમની પત્ની સુનીતા કેજરીવાલ, AAPના નેતા મનીષ સિસોદિયા, સંજય સિંહ અને સૌરભ ભારદ્વાજ હાજર હતા. તિહાર જેલમાંથી બહાર આવ્યા બાદ કેજરીવાલે કહ્યું હતું કે, 'ભગવાન દરેક મુશ્કેલીમાં મારી પડખે છે કારણ કે મેં હંમેશા સત્યનો સાથ આપ્યો છે.'

## કેજરીવાલના રાજીનામા પાછળનું રાજકીય ગણિત, ભાજપ સહિતના પક્ષો પણ ચકરાવે ચઢી ગયા!



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના પદ પરથી રાજીનામાની જાહેરાત કરી છે.અરવિંદ કેજરીવાલ એક્સાઈઝ પોલિસી 'કૌભાંડ' કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યાના બે દિવસ બાદ રવિવારે આમ આદમી પાર્ટીના મુખ્યાલય પહોંચ્યા હતા. પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તા ઓને મળ્યા બાદ સીએમ કેજરીવાલે કાર્યકર્તા ઓને સંબોધિત દરમિયાન મોટી જાહેરાત કરતા કહ્યું કે, હું બે દિવસ પછી સીએમ પદ પરથી રાજીનામું આપીશ. કથિત લીકર કૌભાંડમાં મહિનાઓ સુધી જેલમાં રહ્યાં બાદ સુપ્રીમ કોર્ટમાંથી જામીન પર બહાર આવેલા કેજરીવાલે પોતાના એક દાવથી બધાને ચોંકાવી દીધા છે.અરવિંદ કેજરીવાલે કાર્યકર્તાઓને સંબોધતા કરતાં કહ્યું કે, 'હું બે દિવસ પછી મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવા જઈ રહ્યો છું. અને હું ઝસ્ની ખુરશી પર ત્યાં સુધી નહીં બેશું, જ્યાં સુધી જનતા પોતાનો ચૂકાદો ન આપે કે કેજરીવાલ પ્રામાણિક છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે, સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો લાદી છે, છેલ્લા ૧૦ વર્ષમાં તેઓએ શરતો લાદવામાં કોઈ કસર છોડી નથી. કેન્દ્ર સરકારે કાયદો બનાવીને મારું કામ રોકવાનો પ્રયાસ કર્યો છે.'કેજરીવાલના અચાનક રાજીનામાની જાહેરાત બાદ એવા સવાલ ઉભા થઈ રહ્યા છે કે, કેજરીવાલના રાજીનામાનો દાવ પાછળ શું રાજકીય ગણિત હોઈ શકે અને શું દિલ્હીમાં જલદી ચૂંટણી યોજાઈ શકે છે?

## કોંગ્રેસી મુખ્યમંત્રીની સુરક્ષામાં મોટી ચૂકી, મંચ પર યુવક આગળ વધ્યો ત્યાં સુરક્ષાકર્મીઓએ દબોચ્યો



**કર્ણાટક,** કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની સુરક્ષામાં મોટી ચૂક સામે આવી છે. કાર્યક્રમ દરમિયાન એક શખશ મુખ્યમંત્રીની ખુરશી તરફ દોડ્યો, પરંતુ સમયસમય મુખ્યમંત્રીના સુરક્ષાકર્મીઓએ તેને પકડી લીધો. સુરક્ષાકર્મી ઓએ શખશને પકડીને પોલીસને સોંપી દીધો છે. હાલ પોલીસે યુવકને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી છે. મુખ્યમંત્રીની સુરક્ષામાં ચૂક કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધાર મૈયા એક કાર્યક્રમ દરમિયાન મંચ પર હાજર હતાં. આ દરમિયાન એક શખશે એકદમથી પ્રેક્ષકોમાંથી ઊભો થઈને મુખ્યમંત્રીની ખુરશી તરફ દોડ્યો. જોકે, મુખ્યમંત્રીની સુરક્ષામાં હાજર સુરક્ષાકર્મીઓને તરત જ ખતરાની જાણ થઈ અને યુવક મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચે તે પહેલાં જ તેને ઝડપી લીધો. હજુ સુધી યુવકની આ હરકત પાછળનું કારણ જાણી શકાયું નથી અને ન તો તેની ઓળખ સામે આવી છે.કાર્યક્રમમાં મચી ગઈ અફરાતફરીમુખ્યમંત્રીના કાર્યક્રમમાં શખશ અચાનક દોડીને આવ્યો ત્યારે પહેલાં તો ત્યાં હાજર લોકો સમજી ન શક્યા કે આ શું થઈ રહ્યું છે. પરંતુ સુરક્ષાકર્મીઓએ તેને રોક્યો ત્યારે એકાએક લોકો ચોંકી ગયાં. આ ઘટના બાદ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ થઈ ગયો હતો.

## મોદી સરકાર રશિયા-યુક્રેન હિંસા રોકવા કબૂતર ઉડાડે છે ને મણિપુરમાં હિંસાનો દોર : શિવસેના





**મુંબઈ,**મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. વિપક્ષી જુથ શિવસેના (યુબીટી) પોતાના મુખપત્ર 'સામના'માં મણિપુર હિંસા પર મોદી અને ભાજપ પર નિશાન સાધી કટાક્ષ કર્યો છે કે મોદી સરકાર રશિયા-યુક્રેન યુદ્ધને રોકવા માટે કબૂતર ઉડાવી રહી છે પણ મણિપુરમાં સતત થઈ રહેલ હિંસા પર કોઈ મજબૂત પગલાં નથી ઉઠાવી રહી. 'સામના'માં એવો પણ કટાક્ષ કરાયો હતો કે મણિપુર હિંસા મામલે મોદી સરકારના મોંમાં દહીં જામી ગયું છે.દોઢ વર્ષથી હિંસા ચાલુ છે. 'સામના'માં કહેવામાં આવ્યું છે કે છેલ્લા દોઢ વર્ષથી મણિપુર હિંસાની ઝપટમાં છે પરંતુ કેન્દ્ર કેન્દ્ર અને રાજ્ય કંઈ નથી રહ્યું, આ હિંસામાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને કેન્દ્રે જનતાને વીરેન્દ્રસિંહ અને મણિપુરથી આસામ ભાગેલા રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યના હવાલે કરી દીધું છે.

## પુતિન યુક્રેન સાથે યુદ્ધમાં ક્યારેય નહિ જીતી શકે



**વૉશિંગ્ટન,** યુએસ પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમર સાથેની બેઠક દરમિયાન જણાવ્યું હતું કે યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન જીતશે નહીં, યુનાઈટેડ સ્ટેટ્સ યુક્રેનને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.બાઈડેને કહ્યું કે, તે સ્પષ્ટ છે કે પુતિન આ યુદ્ધમાં જીતશે નહીં. યુક્રેનના લોકો જીતશે, તેમણે કહ્યું કે મધ્ય પૂર્વમાં માહોલ સુરક્ષિત કરવા , બંધકોને મુક્ત કરવા , તાત્કાલિક યુદ્ધવિરામ અને ગાઝા પટ્ટીમાં માનવતા વાદી સહાયના પ્રવાહમાં વધારો કરવા અંગે પણ ચર્ચા કરશે, અને ઈન્ડો-પેસિફિક વિશે પણ વાત કરશે.યુકેના પીએમ સ્ટારમેરે જણાવ્યું હતું કે આગામી થોડા અઠવાડિયા અને મહિનાઓ યુક્રેન માટે નિર્ણાયક હોઈ શકે છે અને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે તેઓ આ સ્વતંત્રતાના મહત્વપૂર્ણ યુદ્ધમાં યુક્રેનને સમર્થન આપે.તેથી તે બાઈડેન સાથે ચર્ચા કરવા માટે આતુર છે.એક પ્રશ્નના જવાબમાં, બાઈડેને કહ્યું કે હું વ્લાદિમીર પુતિન વિશે વધુ વિચારતો નથી.''

## 'મારે CM બનવું છે..' ચૂંટણી પહેલાં ભાજપમાં બબાલના એંધાણ!



હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. આ દરમિયાન હરિયાણાના પૂર્વ ગૃહમંત્રી અને અંબાલા કેન્ટથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે રવિવારે (૧૫મી સપ્ટેમ્બર) મોટું નિવેદન આપ્યું છે. તેમણે એક પત્રકાર પરિષદમાં કહ્યું કે, 'જો ભાજપ ચૂંટણી જીતશે તો હું મુખ્યમંત્રી બનીશ. કારણ કે, હું પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા છું.'હરિયાણાના પૂર્વ ગૃહમંત્રી અનિલ બિજે કહ્યું કે, 'હું જ્યાં પણ ગયો છું ત્યાં બધા મને કહે છે કે તમે સિનિયર મોસ્ટ છો તો તમે સીએમ કેમ ન બન્યા? આવી સ્થિતિમાં લોકોની માંગ પર આ વખતે હું મારી સિનિયોરિટીના આધારે મુખ્યમંત્રી બનવાનો દાવો કરીશ.

## ઉકાઈ સોનગઢના માર્ગ પર ચાલનાર રાહદારીઓ ચેતીને ચાલજો મણકો તૂટી જશે !

# કેમ કે હવે રસ્તા નથી રહ્યા હવે સળિયા પરથી પસાર થવાનું છે



**ઉકાઈ,** વરસાદ થોડો આફત મોટી રાજયના મોટા ભાગના શહેરોના લોકો ખરાબ રસ્તાઓને લઈ પરેશાન છે. ત્યારે અનેક નાના મોટા ગામડા ઓ પણ ખરાબ રસ્તા થી બાકાત નથી રહ્યા મુશ્કેલી ઓ નો સામનો વેઠી રહ્યા છે ત્યારે યમરાજ ને આમંત્રિત કરી રહ્યા હોય એવા રસ્તા તાપી ના સોનગઢ ખાતે અકસ્માત થતા થતા બચી ગયો દેશનું ભવિષ્ય ખાડામા તાપી માં ઉકાઈ થી સોનગઢ રોડ આવેલ છે ત્યાં જે કે પેપર મીલ પાસે વાકડીયા પુલ પાસે સ્કૂલ વાનનો અકસ્માત થતા થતા બચી ગઈ ઘણીવાર રોડની ફરિયાદ ગયા પછી પણ અધિકારીઓ કુંભકરણ ની નિંદ્રામાં માં છે કે શું? સોનગઢથી ઉકાઈ ની અંદર ઘણી બધી સ્કૂલો આવે છે જ્યાં નાના નાના ભૂલકાઓ સ્કૂલ વાનનો માં બેસીને રોજ શિક્ષા લેવા જાય છે જે દેશનું ભવિષ્ય છે કોઈકના ઘરનું ચિરાગ છે આવા સમયે જો ખાડામાંથી ગાડી પલટી મારી જાય અને કોઈ મોટો અકસ્માત થાય એવી અધિકારીઓ દ્વારા રાહ જોવાઈ રહી છે કે શું? આજરોજ એક સ્કૂલની વાન ખાડામાં સળિયા માં ફસી જતા પલટી મારતા મારતા બચી ગઈ જો આ અકસ્માત મોટો સર્જાતે તો તેની જવાબદારી કોણ લેશે? આજે મા બાપ સ્કૂલમાં ભણવા માટે છોકરાઓને મોકલે છે એમના સપનાઓ છે કે મારો છોકરો ભણીને કોઈ અધિકારી બનશે અને દેશને સારી પ્રગતિમાં સાથ સહકાર આપશે પણ હાલ તો એવું લાગી રહ્યું છે કે અધિકારીઓ જ ઈચ્છતા નથી કે દેશનું ભવિષ્ય આગળ આવે ? હવે જોવાનું રહ્યું કે આ રોડની સારવાર ક્યારે થશે કે પછી કોઈ મોટો અકસ્માત થયા પછી તંત્ર દોડતું થશે દર વખતે કોઈના કોઈ અકસ્માત પછી પગલા લેવાય છે તે પહેલા તો તંત્ર કુંભકરણની ઊંઘમાં જ હોય છે નવસર્જન નિર્માણ દ્વારા ઘણીવાર આ વિષય છાપવામાં આવેલ છે તોય છતાં સરકાર દ્વારા આની કોઈ નોંધ લેવાતી નથી હવે જોવાનું રહ્યુ આ રોડ ક્યારે બનશે અને ક્યારેય લોકોને રાહત મળશે લોકોને અપીલ કરે છે કે આ રોડ પરથી પસાર થતા ગાડી ધીમે ચલાવો કારણકે ખાડા ઘણા ઊંડા તથા મોટા છે પરિવાર સાથે જતા હો તો સંભાળીને જાવું જે કે પેપર મિલ જતા મજૂર વર્ગ રોજ ત્યાંથી પસાર થાય છે એમને પણ અપીલ છે કે ગાડી સંભાળીને ચલાવો તમારો પરિવાર તમારા પર નિર્ભર છે તંત્ર હજુ ઊંઘમાં છે

# બારડોલીમાં ખાડા પુરવા નાંખેલા મટિરિયલ થી નવા ખાડા બન્યા



**બારડોલી,** બારડોલી નગરમાંથી પસાર તથા બારડોલી માંડવી સ્ટેટ હાઈવેની સ્થિત વરસાદને કારણે ખરાબ થઈ ગઈ છે. બારડોલીની આરટીઓ ઓફિસ નજીક માર્ગ ઉબડ ખાબડ થઈ ગયો છે. જેના કારણે ત્યાંથી વાહનચાલકોએ પસાર થવું કપરુ સાબિત થઈ રહ્યું છે. વરસાદી પાણીનો ભરાવો અને કમ્મરતોડ માર્ગને કારણે વાહનધીમાં થતાં ટ્રાફિક સહિતની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.હાલમાં પડેલા વરસાદને કારણે નગર સહિતના ઘણા માર્ગો જર્જરિત અવસ્થામાં પહોંચી ગયા છે. તે પૈકીનો બારડોલી માંડવી સ્ટેટ હાઈવેની સ્થિતિ પણ હાલ બદતર થઈ ગઈ છે. બારડોલી આરટીઓ ઓફિસ નજીકથી પસાર થતો માર્ગ ઉબડ ખાબડ સ્થિતિમાં આવી જતાં વાહન ચાલકોએ વાહન હંકારવું પણ કપરુ સાબિત થઈ રહ્યું છે. ચોમાસા દરમિયાન પડેલા ખાડામાં મટિરિયલ પુરવામાં આવે છે અને તે જ મટિરિયલ ખાડામાંથી બહાર નીકળી જામી જાય છે. જેના કારણે માર્ગ ઉબડ ખાબડ થઈ જાય છે. અવાર નવાર મટિરિયલનું પુરાણ કરવામાં આવતાં હાલ માર્ગ ખાડામય બની ગયો છે. થોડા અંતરનો માર્ગ પસાર કરવા માટે વાહનચાલકોએ ઘણી તકલીફ સહન કરવી પડી રહી છે. આ જગ્યાએ એટલા બધા ખાડાનું નિર્માણ થયું છે કે વાહન પસાર કરવા માટે વાહન ધીમા કરવા પડે છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય રહી છે.ખાડા પુરવા માટે નાંખેલું મરિટિયલ્સ જ હવે સમસ્યા પેદા કરી રહ્યું છે. નાના વાહનચાલકો ખાડામાં પડતાં બેલન્સ ગૂમાવી પડવાના બનાવો પણ બન્યા છે. આ જગ્યા પર નવો માર્ગ બનાવવામાં આવે એવી માંગ વાહનચાલકો કરી રહ્યાં છે. હાલ પુરતું મટિરિયલની સફાઈ કરીને માર્ગને સુરક્ષિત બનાવવામાં એ જરૂરી બન્યું છે. સ્થાનિક વાહન ચાલક અમિતભાઈના જણાવ્યા અનુસાર આ જગ્યા પર ખાડા હતાં જે ખાડા પુરવામાં યોગ્ય મટિરિયનો ઉપયોગ ન કરતાં તે ખાડામાંથી બહાર નીકળી જામી જતાં મોટા ખાડાનું નિર્માણ થયું છે. આ ઉપરાંત ભરાતા પાણીને કારણે નાના વાહનચાલકોએ પસાર થવું કપરુ બન્યું છે. વહેલી તકે રોડ પરનું મટિરિયલ દૂર કરી રોડને સમળતર બનાવી સુરક્ષિત બનાવે એ જરૂરી છે.માર્ગને સમતળ બનાવીને સુરક્ષિત કરવો જરૂરી

# સુરત જિલ્લામાં ગંદકી ધરાવતા ૧૩૮ બ્લેક સ્પોટ સ્વચ્છ થશે



**બારડોલી,** ૨જી ઓક્ટોબર ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાના હેતુ સાથે સમગ્ર ભારતમાં સ્વચ્છતા હી સેવા અભિયાન યોજાશે. જેના ભાગરૂપે રાજય સરકાર દ્વારા આગામી ૧૭મી સપ્ટે. થી તા.૩૧મી ઓક્ટોબર ૨૦૨૪ સુધી ''સ્વચ્છતા હી સેવા'' પખવાડિયાની જન ભાગીદારી સાથે રાજયવ્યાપી ઉજવણી કરવામાં આવશે. સુરતમાં તેની ઉજવણીના આયોજન અર્થે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીની અધ્યક્ષત ામાં બેઠક મળી હતી.બેઠકમાં જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, 'સ્વચ્છતા હી સેવા'માં વધુમાં વધુ લોકો જોડાય તે જરૂરી છે. સ્વભાવ સ્વચ્છતા- સંસ્કાર સ્વચ્છતા'ની ભાવના સાથે સૌને સાથે રાખીને શેરી, મહોલ્લો, ગામને સ્વચ્છ રાખીએ એવો સંદેશો જનજન સુધી જાય તે માટેના પ્રયાસો કરવા પર ભાર મૂકયો હતો. આ વર્ષની ''સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા'' ની થીમ નક્કી કરવામાં આવી છે. જેમાં જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ, ઈન્ડસ્ટ્રીઝ, સફાઈ મિત્રો સાથે જોડાઈને વધુમાં વધુ સ્થળોને સ્વચ્છ બનાવવાનો અનુરોધ કર્યો હતો.જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી. પ્રજાપતિએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જણાવ્યું કે, સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ ના મુખ્ય મુદ્દાઓ તરીકે જન ભાગીદારી થકી સ્વચ્છતા, સ્વચ્છતાલક્ષિત એકમો સાથે સંપૂર્ણ સ્વચ્છતા અને સફાઈ મિત્ર સુરક્ષા શિબિરનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત માટે જાહેર જનતાની ભાગીદારી, સ્વચ્છતા અંગે જાગૃતિ; સ્વચ્છતા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવશે. મેગા ક્લીનીંગ ડ્રાઈવ તેમજ બ્લેક સ્પોટનું નિશ્ચિત સમયમાં સંપૂર્ણ પરિવર્તન કરવામાં આવશે. સફાઈ મિત્ર સુરક્ષા શિબિર દરમિયાન મોટી ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓમાં કાર્યરત તમામ સફાઈ કર્મચારીઓ (કાયમી તથા હંગામી) તેમજ વિસ્તારના અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત તમામ સફાઈ કર્મચારીઓ અને તેમના આશ્રિતો માટે પ્રવૃત્તિઓ કરવાની રહેશે. જિલ્લામાં ૧૩૮ જેટલા બ્લેક સ્પોટ એટલે કે, જ્યાં રોજ કચરાના ઢગલા થતા હોય તેવા સ્થળોને સ્વચ્છ કરાશે. ગામદીઠ એક અથવા મોટા ગામ હોય તો બેથી પાંચ સ્પોટ નક્કી કરીને સૌ પદાધિકારીઓ, ગ્રામજનો સાથે મળીને વધુમાં વધુ લોકો સ્વચ્છતા અભિયાનમાં જોડાય તેવો અનુરોધ કર્યો હતો.દોઢ મહિના દરમિયાન રોજરોજની નગરની સફાઈ, શહેરના તમામ ગાર્બેજ પોઈન્ટ, તમામ વાણિજ્ય અને રહેણાંક, સ્લમ વિસ્તારોની સફાઈ તેમજ બાગ-બગીચાઓ, ફૂટપાથ, ધોરીમાર્ગોની સફાઈની સાથે અન્ય રોજીંદી સફાઈ કામગીરી કરવામાં આવશે. સિંગલ-યુઝ પ્લાસ્ટિક જાગૃતિ અભિયાન, શ્રમદાન દિવસ, કચરાથી કંચન વર્કશોપ, એક પેડ મા કે નામ, સ્વચ્છતા સંવાદ, સ્વચ્છતા કલા પ્રતિ યોગિતા જેવા સ્થળોની પસંદગી કરાશે. સાથોસાથ નગર પાલિકાઓ, ગ્રામ પંચાયતો માં થીમ આધારિત સફાઈની કામગીરી કરવા અંગે સૌ અધિકારીઓને જણાવ્યું હતું. બેઠકમાં પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો તેમજ જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધવા અમિત ચાવડાએ મુખ્યમંત્રીને ફરિયાદ કરી


**બારડોલી,** બારડોલી નગરપાલિકાની સરકારી જમીન પર અનધિકૃત કબજો કરી ભાડું વસૂલવાના આરોપમાં ભાજપના નગરસેવક અને માજી કારોબારી ચેરમેન સામે કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ મુખ્યમંત્રીને ફરિયાદ કરી છે. સ્વાતિ પટેલ બાદ પ્રદેશ કક્ષાના કોંગી નેતાએ આ મામલે રસ લેતા બારડોલીમાં ખળભળાટ મચી ગયો છે.અમિત ચાવડાને મુખ્ય મંત્રીને કરેલી ફરિયાદમાં બંને સામે કાયદેસરની કાર્યવાહીની માગ કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, નગરપાલિકાની ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૪માં ધામડોદ રોડ પર પેટ્રોલ પંપની સામે ફાળવેલી સરકારી જમીન પર હાલના ભાજપના નગરસેવક નિમેશ શાહ અને માજી કારોબારી સમિતિના ચેરમેન રાજેશ પટેલે રાજકીય સત્તાનો દુરુપયોગ કરી કબજો જમાવી દીધો હતો. આ જમીન પર તેઓ લારી-ગલ્લા વાળાઓને ભાડે આપી મહિને ૨ લાખ રૂપિયા જેટલી રકમ વસૂલી હોવાનો આરોપ ફરિયાદમાં લગાવવામાં આવ્યો છે. નગરપાલિકાએ આ મામલે માત્ર નોટિસ આપવા સિવાય કોઈ કાર્યવાહી કરી નથી. તેમણે મુખ્યમંત્રીને આ મામલે દખલ કરીને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ લેન્ડગ્રેબિંગનો ગુનો દાખલ કરવા અને વસૂલેલું ભાડું સરકારી તિજોરીમાં જમા કરાવવાની માંગ કરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, બારડોલીમાં પેટ્રોલપંપની સામે આવેલ ટીપી સ્કીમના અંતિમખંડમાં ૧૪ ગાળા ભાડે આપીને નિમેશ શાહ અને રાજેશ પટેલ દ્વારા ભાડું વસૂલવામાં આવી રહ્યું હતું તે અંગે અનેક ફરિયાદો બાદ પાલિકા દ્વારા જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

# ડભોઇ વાઘોડિયા એસટીનો મનસ્વી વહીવટ, વાઘોડિયાનો સંપર્ક જ નહીં !



**ડભોઈ,** ડભોઈથી ગોજાલી આવર બ્રિજ કામ ચાલે છે તે રસ્તો બંધ છે. બીજી તરફ અનેક કારણોસર કેટલાક રસ્તાઓ બંધ છે. જેને લઈને કામ ધંધે જતા લોકો અટવાઇ ગયા છે. જાણે ડભોઇ વાઘોડિયાનો કોઈ સંપર્ક જ થતો નથી એવું લાગી રહ્યું છે. વહેલી તકે ડભોઇ ડેપોમાંથી સમયસર એસટી બસો મૂકાય એવી માંગ ઉઠી છે.ડભોઈથી રોજ વહેલી સવારે વાઘોડિયા ખાતે આવેલ પારુલ યુનિવર્સિટી, સુમનદીપ વિદ્યાપીઠ અને આઈટીએમ યુનિવર્સિટી સહિત જી આઇ ડી સી માં આવેલ જુદીજુદી કંપનીઓમાં નોકરી કરતા અપડાઉન કરનારા નોકરિયાતો અને મુસાફરોને ડભોઇ ડેપોમાંથી વાઘોડિયા જતી એસ.ટી.બસ તેમજ સાંજના ચારથી છ વાગ્યા દરમિયાન પણ પરત ફરવા માટે એસ.ટી.ની સુવિધા જ ના મળતાં વિદ્યાર્થીઓ સહીત સેંકડો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.ગુજરાત સરકાર દ્વારા સલામત સવારી, એસ. ટી. અમારી, ૧૫ દિવસના ભાડામાં મહિનાની મુસાફરી કરો, હાથ ઉંચો કરો અને બસમાં બેસો જેવા અનેક આકર્ષક અને રૂપાળા સૂત્રો રાજયભરની પ્રજાના આકર્ષણ માટે તરતા મૂકવામા આવ્યા છે. બીજી બાજુ એસ.ટી.ખાતું ખોટમાં ચાલી રહ્યું હોવાના ગાણાં ગવાઈ રહ્યા છે. ત્યારે જે રૂટના મુસાફરો વધુ હોય ત્યા એસ.ટી.બસો મૂકાતી નથી. ડભોઈ એસ.ટી.ડેપોમાં રોજ સવારે ૮ વાગે વાઘોડિયા જવા માટે વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને મુસાફરોનો મેળાવડો લાગી રહ્યો છે. જે સામે કદી એસ.ટી. બસ મૂકાતી જ નથી. તો ક્યારેક મિનિ બસ મૂકી તેમાં ઠાંસીઠાંસીને મુસાફરો ભરાય છે.ત્રાણ બસના મુસાફરો ભેગા થવા છતાં એસ.ટી.બસોના રેઢિયાળ તંત્રાને કારણે એસ.ટી.ની સુવિધા મળતી નથી. પરિણામે વિદ્યાર્થીઓને ક્યાંક અભ્યાસથી વંચિત રહેવું પડે છે. તો કોક દિવસ ખાનગી વાહનમાં મુસાફરી કરવી પડે છે. રોજરોજની માથાકૂટ અને રજૂઆતો કરવા છતાં ખખડધજ બસ અને એક જ બસ મૂકી ડભોઇ ડેપો દ્વારા નમૂનેદાર અને અણગઢ વહીવટથી મનમાની કરાઇ રહી છે. તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને પડતી હાલાકી માટે કોઈ નેતા પણ બોલવા તૈયાર નથી. જેથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય ડામાડોળ થઇ ગયું છે. ત્યારે વિદ્યાર્થીઓના ભવિષ્ય અને અભ્યાસને ધ્યાનમાં રાખી તાકીદે એસ.ટી. બસોની સમસ્યાનું નિરાકરણ જરૂરી બન્યું છે.આ રૂટો પર બસો મૂકાય તો વિદ્યાર્થીઓ સહિત લોકોને સરળતા પડેજાણે વાઘોડિયાનો સંપર્ક જ બંધ થઈ ગયો હોય એવું લાગી રહ્યું છે. એક તરફ ડભોઇના ગોજાલી પાસે બીજું કામ ચાલે છે જેને લઈને રસ્તો બંધ છે અને હાલ કેટલીક જગ્યાએ પૂરાવાના કારણે રસ્તાઓ બંધ થઇ જાય છે. જેને લઈને આ પટ્ટીમાં ભણતા વિદ્યાર્થીઓ અને નોકરી ધંધે જતા લોકો પરેશાન થયા છે. એસટી બસો સમયસર આવતી નથી. લોકોને હાલાકી ભોગવવી પડે છે. વહેલી તકે તંત્ર જાગે. આ રૂટો પર બસો મૂકાય તો વિદ્યાર્થીઓને અને નોકરી ધંધા જતા લોકોને સરળતા થાય તેવી વિસ્તારના લોકોની માંગ ઉઠી છે. । મનોજભાઇ વિઠ્ઠલભાઇ પટેલ, ખેડૂત, કડોદરા

# ટાવર પર ચઢીને ખેડૂતે આપી આત્મહત્યાની ચીમકી



## 'બે વાગ્યા સુધીમાં ચૈતર વસાવાને બોલાવો નહીતર...'

**કેવડિયા,** નર્મદા જિલ્લાના ગરુડેશ્વર જિલ્લામાં એક વિચિત્ર ઘટના બની છે. કેવડિયા ગામનો એક ખેડૂત ન્યાયની માંગણી સાથે મોબાઈલ ટાવર પર ચઢી જતાં અફરાતરફરીનો માહોલ સર્જાયો છે. ગણપત તડવી નામનો ખેડૂત ચૈતર વસાવા પાસે ન્યાયની માંગ કરી રહ્યો છે. ખેડૂતને ટાવર પર ચઢેલો જોઈને આસપાસના લોકો એકઠા થઈ ગયા હતાં અને ફાયરબ્રિગેડ તેમજ પોલીસને સંપર્ક કર્યો હતો. ફાયર અને પોલીસની ટીમ હાજર થઈને રહીશને નીચે ઉતારવાનો પ્રયત્ન કરી રહી છે. પરંતુ, યુવક ન્યાય ન મળે ત્યાં સુધી નીચે ન ઉતરવાની વાત પર અડીખમ છે. ખેડૂત ટાવર પરથી એક જ વાતનું રટણ કરી રહ્યો છે કે, જ્યાં સુધી ચૈતર વસાવા મને ન્યાય નહી અપાવે ત્યાં સુધી હું નીચે નહી ઉતરુ. જો બે વાગ્યા સુધીમાં ન્યાય ન મળ્યો તો હું ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લઈશ. યુવકના જણાવ્યા અનુસાર, અધિકારીઓ ફક્ત ઉડાઉ જવાબો આપે છે, જો માંગણી નહીં સંતોષવામાં આવે તો હું ટાવર પરથી જ આત્મહત્યા કરી લઈશ.શું છે યુવકની માંગણી? ટાવર પર ચઢેલા સ્થાનિક ગણપતભાઈની માંગણી છે કે, અમારી વડીલોપાર્જિત જમીન જે લઈ લીધી છે તેનું યોગ્ય વળતર આપો, નહીતર અમને અમારી જમીન પાછી આપી દો. હમણાં જે કેવડિયા સત્તામંડળ દ્વારા વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયા કરી તેમાં પણ સ્થાનિકોનો સમાવેશ કરાયો નથી અને બહારના લોકોની ભરતી કરવામાં આવી રહી છે. જો ૨ વાગ્યા સુધીમાં મારી માંગણી નહી સંતોષાય તો હું ટાવર પર જ ગળેફાંસો ખાઈ લઈશ. ચૈતર વસાવાને અહી બોલાવો અને મને ન્યાય અપાવો, જો ચૈતર બે વાગ્યા સુધીમાં મને યોગ્ય જવાબ સાથે ન્યાય નહી આપે તો હું ટાવર પર જ આત્મહત્યા કરી લઇશ.શું છે સમગ્ર મામલો? કેવડિયા કોલોનીના આગેવાન રણજિત તડવીએ જણાવ્યું કે, વડીલોપાર્જિત જમીન નિગમે લઈ લીધી છે અને હવે ત્યાં હોટલ અને મોલ બનાવવા માટે ઉદ્યોગપતિઓને ઊંચા ભાવે વેચવામાં આવી રહી છે. જેના માટે સ્થાનિકોને યોગ્ય વળતર પણ આપવામાં નથી આવ્યું. અમારૂ કોઈ સાંભળતું નથી અને છેલ્લાં પાંચ વર્ષથી અધિકારીઓ અમને ધક્કા ખવડાવે છે.હાલ, પોલીસ અને ફાયર વિભાગની ટીમ ગણપત ભાઈને નીચે ઉતારવા મથામણ કરી રહ્યાં છે, પરંતુ તે ચૈતર વસાવાને બોલાવવાની વાત પર મક્કમ છે. ખેડૂત ગણપત ભાઈ ટાવર પરથી ટેલિફોન કરીને ન્યાય માંગણી કરી રહ્યા છે. જેના કારણે હવે ઉચ્ચ અધિકારીઓમાં પણ દોડધામ મચી છે.

# ગુજરાત રક્ષા

તંત્રી સ્થાનેથી

## લાસ્ટ કોમરેડ યેચુરી સાદગી માટે હંમેશાં યાદ રહેશે

ભારતમાં ડાબેરીઓની સૌથી મોટી પાર્ટી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના સર્વોચ્ચ નેતા એટલે કે જનરલ સેક્રેટરી સીતારામ યેચુરીનું ૭૨ વર્ષની વયે નિધન થયું એ સાથે જ ભારતે એક સારો રાજકારણી ગુમાવ્યો. યેચુરીને ન્યુમોનિયા થઈ જતાં ૧૯ ઓગસ્ટે દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસ માં દાખલ કરવામાં આવ્યા હતા.યેચુરીને ભારે તાવ આવતાં એમ્સમાં દાખલ થયા પછી તેમની તબિયત બગડતી જ ગઈ અને તેમને આઈસીયુમાં ખસેડવા પડ્યા હતા. ૨૫ દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી પણ તબિયતમાં સુધારો નહોતો. દરમિયાનમાં સીતારામ યેચુરીને શ્વાસનળીમાં ગંભીર ઈન્ફેક્શન થઈ ગયું હતું ને આ ઈન્ફેક્શન ઘાતક સાબિત થયું. યેચુરી ફરી બેઠા જ ના થઈ શક્યા અને ગુરુવારે અંતિમ શ્વાસ લીધા.યોગાનુયોગ યેચુરી એઈમ્સમાં દાખલ હતા, ત્યારે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બુદ્ધદેવ ભટ્ટાચાર્ય ગુજરી ગયા હતા. સીતારામ યેચુરીએ ૨૨ ઓગસ્ટે બુદ્ધદેવ ભટ્ટાચાર્યને વીડિયો સંદેશ દ્વારા શ્રદ્ધાંજલિ આપી હતી. એ વખતે કોઈને કલ્પના પણ નહોતી કે, યેચુરી એઈમ્સમાંથી ફરી પાછા આવવાના જ નથી.સીતારામ યેચુરી જિંદગીમાં કદી ચૂંટણી લડ્યા નહીં ને રાજ્યસભાના સભ્ય તરીકે જ સાંસદ બન્યા. સીતારામ યેચુરી ૨૦૦૫માં પશ્ચિમ બંગાળમાંથી રાજ્યસભાના સભ્ય બન્યા અને બીજી વખત ૨૦૧૧માં ચૂંટાઈ આવ્યા હતા. ત્રીજી ટર્મમાં ચૂંટાય એ પહેલાં બંગાળમાંથી ડાબેરીઓ જ સાફ થઈ ગયેલા તેથી યેચુરી લટકી ગયા હતા.ડાબેરીઓનો ભારતમાં પ્રભાવ મર્યાદિત છે ને અત્યારે તો ડાબેરીઓ કેરળમાં સમેટાઈને રહી ગયા છે તેથી ભારતના રાજકારણમાં ડાબેરીઓનું એવું પ્રભુત્વ પણ નથી. આ રીતે યેચુરી દેશના રાજકારણમાં બહુ મોટા નેતા નહોતા ને બહુ લોકપ્રિય પણ નહોતા છતાં તેમના નિધનથી દેશના રાજકારણને ખોટ પડી છે એ સ્વીકારવું પડે. તેનું કારણ એ કે, યેચુરી ડાબેરીઓમાં પણ કદાચ સૌથી છેલ્લા એવા નેતા છે કે જે આજીવન સાદગીથી જીવ્યા અને એક સંઘર્ષમય રાજકીય સફર કરી. વિચારધારાને વફાદાર રહીને યેચુરીએ પોતાનું અલગ સ્થાન બનાવ્યું અને કદી વિવાદોમાં પડ્યા નહીં. યેચુરી કેડર બેઝ્ડ નેતા હતા કે જે સામાન્ય લોકોની વચ્ચે જ રહ્યા અને મોટા થયા. સાવ સામાન્ય કાર્યકર તરીકે શરૂઆત કરીને સીપીએમના સર્વોચ્ચ નેતાપદ સુધી પહોંચ્યા.સામ્યવાદી નેતાઓ તેમની સાદગી અને વિચારધારા તરફ સમર્પણને કારણે જાણીતા છે પણ બદલાયેલી રાજકીય પરિસ્થિતિમાં સામ્યવાદીઓ પણ બદલાયા છે. સીતારામ યેચુરી કદી બદલાયા નહીં તેથી ઘણાં તેમને લાસ્ટ કોમરેડ પણ કહે છે.અત્યારે પિનિરાયી વિજયન ડાબેરીઓમાં સૌથી મોટા નેતા છે પણ વિજયન હાઈ-ફાઈ લીડર છે. સોનાની દાણચોરીથી માંડીને મહિલાઓ સુધીના સંબંધો સુધીના મુદ્દે વગોવાઈ ગયેલા વિજયનથી સાવ સામા છેડાના નેતા સીતારામ યેચુરી વિચારધારાને સમર્પિત છેલ્લા કોમરેડ હતા એમ કહીએ તો ચાલે. વિજયન તો પરિવારવાદમાં પણ પૂરા છે. તેમની દીકરી અને જમાઈ પિતા મુખ્ય પ્રધાન હોવાનો ભરપૂર લાભ ઉઠાવી રહ્યાં છે ત્યારે યેચુરીનો પરિવાર ક્યાં છે તેની જ કોઈને ખબર નથી.યેચુરીએ ઈંદ્રાણી મજૂમદાર સાથે પહેલાં લગ્ન કર્યાં હતાં અને તેમને બે સંતાન હતાં. એપ્રિલ-૨૦૨૧માં તેમના મોટા દીકરા આશિષ કોરોનાની બીમારીને કારણે ૩૪ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા જ્યારે પુત્રી અખિલા ઈંગ્લેન્ડની સેન્ટ ઍન્ડ્રુસ યુનિવર્સિટીમાં લેક્ચરર છે. ઈંદ્રાણી સાથે અલગ થયાં બાદ સીતારામ યેચુરીએ પત્રકાર સીમા ચિશ્તી સાથે લગ્ન કર્યાં હતાં.સીતારામ યેચુરીનો પરિવાર મૂળ અવિભાજિત આંધ્ર પ્રદેશનો હતો પણ તામિલનાડુના મદ્રાસમાં આવીને વસ્યો હતો. ૧૨ ઑગસ્ટ ૧૯૫૨ના રોજ સીતારામનો જન્મ થયો હતો. તેમના પિતા સરકારી એન્જિનિયર હતા જ્યારે માતા સરકારી ઓફિસર હતાં. હૈદરાબાદમાં ઉછરેલા સીતારામ દસમા ધોરણ સુધી ઓલ સેન્ટ્સ હાઈસ્કૂલમાં ભણ્યા હતા. ૧૯૬૯ના તેલંગાણા આંદોલન દરમિયાન હિંસા શરૂ થતાં તેમના પરિવારે તેમને દિલ્હી મોકલી દીધા હતા.યેચુરીએ દિલ્હીની પ્રેસિડેન્ટ એસ્ટેટ સ્કૂલમાં એડમિશન લીધું અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન  હાયર સેકન્ડરી પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક વન મેળવ્યો હતો. એ પછી દિલ્હીન સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં બીએ કર્યું ત્યારે પણ સીતારામ ટોપર હતા. સીતારામ યેચુરીએ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી માંથી અર્થશાસ્ત્રમાં એમ.એ. કર્યું અને પછી પીએચડી માટે જેએનયુમાં એડમિશન લીધું હતું. આ પહેલાં જ યેચુરી વિદ્યાર્થી નેતા તરીકે સ્થાપિત થઈ ચૂક્યા હતા તેથી ૧૯૭૫માં ઈમરજન્સી દરમિયાન તેમની ધરપકડ થઈ અને પીએચડી અધૂરૂં રહી ગયું.યેચુરી ૧૯૭૪માં ડાબેરીઓની વિદ્યાર્થી પાંખ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા સાથે જોડાયા અને ૧૯૭૫માં માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા. સીપીએમમાં જોડાયાના થોડા સમયમાં જ તેમને એસએફઆઈના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા ને આ કારણે જ કટોકટી વખતે તેમને જેલભેગા કરાયા હતા. કટોકટી પછી ત્રણ વાર યેચુરી જેએનયુ વિદ્યાર્થીસંઘના પ્રમુખ બન્યા હતા.જેએનયુમાં યેચુરીને ઈન્દિરા ગાંધીને રાજીનામું આપવાની ફરજ પાડનારા લડાયક નેતા તરીકે હજુ યાદ કરવામાં આવે છે. ૧૯૭૭માં કટોકટી પાછી ખેંચી લેવાઈ એ પછી આવેલી લોકસભાની ચૂંટણી ઈંદિરા ગાંધી હારી ગયાં હતાં. જો કે એ છતાં ઈન્દિરા ગાંધી જેએનયુના ચાન્સેલરપદે ચીટકી રહ્યાં હતાં. એ વખતે સીતારામ યેચુરીના નેતૃત્વમાં લગભગ ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઈંદિરા ગાંધીના ઘરની બહાર દેખાવો કર્યા હતા. પોલીસે તેમને ખસેડવા પ્રયત્ન કર્યો પણ યેચુરી ના માનતાં છેવટે ઈંદિરા ગાંધીએ બહાર આવવું પડ્યું. યેચુરીએ ઈંદિરા ગાંધીએ શા માટે જેએનયુના ચાન્સેલરપદેથી રાજીનામું આપી દેવું જોઈએ તેનું આવેદનપત્ર જાહેરમાં વાંચી સંભળાવ્યું હતું. ઈંદિરાએ બધું સાંભળ્યું અને આવેદનપત્ર સ્વીકારીને અંદર જતાં રહ્યાં. ઈન્દિરાએ થોડાં દિવસ પછી યુનિવર્સિટીના ચાન્સેલરપદેથી રાજીનામું આપી દીધું તેથી તેનો યશ યેચુરીને જાય છે.

# વાવો તેવું લણો ભારતમાં આતંકવાદ ફેલાવનાર પાકિસ્તાનને હવે ભંગાણનો ભય




**અલગ દેશની માગણી કરી રહેલા 'બલુચ લિબરેશન આર્મી' ('બીએલએ')નો આ હુમલા પાછળ હાથ છે. આ સંગઠને ચીની પ્રોજેક્ટ્સને નિશાન બનાવ્યું છે. પાકિસ્તાન જે સીમાપારથી ઘૂસણખોરી કરાવીને ભારતમાં આતંકવાદની નિકાસ કરતું હતું એને હવે હાથના કર્યા હૈયે વાગી રહ્યા છેપ જેવું વાવો તેવું લણો. કબીરજીએ વર્ણવેલી કાવ્ય પંક્તિ છેઃ 'કરતા થા સો ક્યોં કિયા, અબ કર ક્યોં પછતાય. બોયા પેડ બબૂલ કા, આમ કહાઁ સે ખાય' એટલે કે બાવળિયો ઉછેર્યો હોય અને પછી એના છાંયડે બેઠા બેઠા આને કેરી આવે એવું ઈચ્છો તો આવે કેવી રીતે?**

પાકિસ્તાનની આર્થિક હાલત તો બદતર છે, પરંતુ રાજકીય સ્થિતિ પણ ઝડપથી વણસી રહી છે. સામાન્ય ચૂંટણીમાં તો આમીરએ ગોલમાલ અને ગેરરીતિ અજમાવીને જેલમાં ધકેલેલા ઈમરાન ખાનને સત્તાથી વિમુખ રાખ્યા છે, પરંતુ હાલની શહબાઝ શરીફ સરકારની હાથમાંથી બાજી સરકતી જાય છે. પાકિસ્તાનમાં એક સાંધે અને એકસો તેર તૂટે એવી હાલત છે.પડોશી દેશો ભારત-ઈરાન અને અફઘાનિસ્તાન સાથેના સંબંધમાં ખટાશ છે તો પીઓકે (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર , પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીર), બલુચિસ્તાન અને સિંધમાં ઉકળતો ચરુ છે. બલુચિસ્તાનમાં મામલો બીચક્યો છે. બલુચિસ્તાનમાં આતંકવાદ વકરી રહ્યો છે. બલુચિસ્તાનમાં તાજેતરનાં વર્ષનો સૌથી મોટો આતંકવાદી હુમલો થયો છે. જે રીતે પંજાબીઓને બસમાંથી ઊતરીને વીણી વીણીને મારી નાખ્યા એ સૂચવે છે કે આ તો એક પ્રકારનો નરસંહાર હતો. આમાં ૩૮ લોકોએ જાન ગુમાવ્યા છે , જેમાં ૧૪ સૈનિક અને પોલીસનો પણ સમાવેશ થતો હતો.અલગ દેશની માગણી કરી રહેલા 'બલુચ લિબરેશન આર્મી' ('બીએલએ')નો આ હુમલા પાછળ હાથ છે. આ સંગઠને ચીની પ્રોજેક્ટ્સને નિશાન બનાવ્યું છે. પાકિસ્તાન જે સીમાપારથી ઘૂસણખોરી કરાવીને ભારતમાં આતંકવાદની નિકાસ કરતું હતું એને હવે હાથના કર્યા હૈયે વાગી રહ્યા છેપ જેવું વાવો તેવું લણો. કબીરજીએ વર્ણવેલી કાવ્ય પંક્તિ છેઃ 'કરતા થા સો ક્યોં કિયા, અબ કર ક્યોં પછતાય. બોયા પેડ બબૂલ કા, આમ કહાઁ સે ખાય' એટલે કે બાવળિયો ઉછેર્યો હોય અને પછી એના છાંયડે બેઠા બેઠા આને કેરી આવે એવું ઈચ્છો તો આવે કેવી રીતે?પાકિસ્તાન પોતાના ઈતિહાસ અને ભૂલોમાંથી પાઠ શીખતું નથી. ધર્મના આધારે વિભાજન કરવાની માગણી વડે પાકિસ્તાન તો મેળવ્યું, પરંતુ પૂર્વ બંગાળમાં ભાષાનો સવાલ ઊભો થયો. પંજાબીની દાદાગીરી અને ઈજારાશાહી સામે પૂર્વ બંગાળના લોકોએ બંડ પોકાર્યું અને બાંગ્લાદેશનો જન્મ થયો.દેશના બે ટુકડા થઈ ગયા હોવા છતાં તેમાંથી બોધપાઠ ન લઈને કાશ્મીરીઓ, લઘુમતીઓ સિંધીઓ અને બલુચી લોકોના અધિકારોને કચડીને પંજાબીઓએ પોતાની સર્વોપરિતા સ્થાપી છે. પાકિસ્તાની લશ્કરમાં અને રાજનીતિમાં પંજાબીઓની બોલબાલા છે. આ જ કારણ છે કે લેટેસ્ટ ટેરર અટેકમાં પંજાબીઓને જ મારી નાખવામાં આવ્યા છે. પાકિસ્તાને બલુચીની સમસ્યાને લશ્કરના દમન દ્વારા ડામવાનો વિફળ પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનનું લશ્કર હવે બેકફૂટ પર છે. પાકિસ્તાન બલુચિસ્તાનની સમસ્યા માટે ભારતને જવાબદાર ગણાવે છે.બલૂચિસ્તાનમાં અનેક ચીની પ્રકલ્પો ચાલે છે, જેમાં એક વ્યૂહાત્મક બંદર અને સોના અને તાંબાની ખાણનો સમાવેશ થાય છે. 'બલુચ લિબરેશન આર્મી' એક સ્વતંત્ર રાષ્ટ્રની માગણી કરે છે. છેલ્લા તાજા હુમલાની જવાબદારી આ સંગઠને લીધે છે, જે આને : 'હરુફ' એટલે કે 'તેજ અંધેરી આંધી' કહે છે.હુમલા માટે જે દિવસ પસંદ કરવામાં આવ્યો એ પણ ઉલ્લેખનીય છે. ૨૬ ઓગસ્ટે બલૂચ રાષ્ટ્રવાદી નેતા અકબર બુગતીની પુણ્યતિથિ હતી. બુગતીને ૨૦૦૬માં પાકિસ્તાની સુરક્ષા દળોએ મારી નાખ્યો હતો. પંજાબીઓને ટાર્ગેટ કિલિંગમાં એમની હત્યા થઈ હતી. પાકિસ્તાનમાં ૨૦૨૩માં ૫૨૭ અને ૨૦૨૪માં અત્યાર સુધી ૪૧૬ આતંકવાદી ઘટના નોંધાઈ છે.બલૂચિસ્તાનની રાજધાની મુસાખેલ ક્વેટાથી ૪૫૦ કિલોમીટર ઈશાને છે. બંડખોરો નિયમિત રીતે પંજાબીને નિશાન બનાવે છે. લશ્કરમાં પંજાબીઓની બહુમતી છે અને એ જ લોકો બલુચી બંડખોર સામે લડે છે.'બીએલએ' એક એવો સ્વતંત્ર દેશ ઈચ્છે છે જે પાકિસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાનના અમુક વિસ્તારોને જોડીને બનાવામાં આવે. તેને તાલિબાનનું સમર્થન પ્રાપ્ત છે. તાલિબાને નવેમ્બર ૨૦૨૨માં સરકારની જોડેનો યુદ્ધવિરામ પાછો ખેંચી લીધો અને પોતાના લડવૈયાઓને પાકિસ્તાન આર્મી પર હુમલો કરવાનો આદેશ આપ્યો.આ બધા વચ્ચે, ઈરાન અને પાકિસ્તાન વચ્ચે ખાટા સંબંધોએ પાકિસ્તાનની અસુરક્ષા અને અસ્થિરતા વધારી દીધી છે. બન્ને વચ્ચે ૯૦૦ કિલોમીટર લાંબી સરહદ છે , જ્યાં તસ્કર અને લડવૈયાઓ મુક્ત રીતે ફરે છે. આતંકવાદીઓનો ત્રાસ બંને દેશને છે. આતંકવાદી માટે બન્ને દેશ એકમેક પર દોષારોપણ કરે છે.'બીએલએ' અલગ વિસ્તારોથી લડાયકોને ભેગા કરવામાં સફળ રહ્યું છે. તેની પાસે ૩૦૦૦ લડવૈયા છે. તેમનો મુખ્ય ઈરાદો બહારના લોકોને રાજ્યમાં આવતા રોકવાનો છે. ચીનના પ્રોજેક્ટે પણ અહીં અશાંતિ ઊભી કરી છે. સ્થાનિક લોકો માને છે કે ચીન અમારા બલુચિસ્તાનના કુદરતી સાધનોનું શોષણ અને દોહન કરવા માગે છે. પાકિસ્તાનમાં હજારો ચીની કામદારો કામ કરી રહ્યા છે. આમાંના મોટાભાગના ચીનના ૬૦ અબજ ડૉલરના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવમાં સામેલ છે.બલુચિસ્તાનનું કદ દેશના ૪૦ ટકા જેટલું છે, પરંતુ તેની ઈકોનોમી દેશની ઈકોનોમીની છ ટકા જ છે. બલુચિસ્તાનમાં આઝાદીની ચળવળ પાકિસ્તાનની સ્વતંત્રતા એટલી જૂની છે. પાકિસ્તાન આ સમસ્યાને લશ્કરની મદદથી નહીં, પરંતુ રાજકીય રીતે જ ઉકેલી શકશે. પાકિસ્તાને બલુચિસ્તાનના લોકોનો રાજકીય સહભાગ વધારવો પડશે. રાજ્યના કુદરતી સંસાધનોમાં સરખો હિસ્સો આપવો પડશે. બલૂચના લોકોની અસ્મિતા અને સંસ્કૃતિ જળવાઈ રહેશે એવી ગેરંટી આપવી પડશે.બીજી તરફ, પાકિસ્તાન આતંકવાદ માટે ભારત કે ઈરાનને દોષ આપીને કશું મેળવી નહી શકે. પાકિસ્તાને સમજવું જોઈએ કે અફઘાન તાલિબાનના પુનરાગમન બાદ પખ્તુનવા અને બલુચિસ્તાનમાં હુમલા વધી ગયા છે. પાકિસ્તાને પંજાબ સિવાયના બીજા પ્રાંતો સાથે કરતો ભેદભાવ દૂર કરવો પડશે. જો એવું નહી કરે તો ફરી એક વાર તેનું વિભાજન થાય એવું જોખમ છે.

## મુંબઈની બેઠકોની વહેંચણીમાં ઉદ્ધવ-શરદ પવારના અક્કડ વલણથી કોંગ્રેસમાં નારાજગી



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં, વિપક્ષ મહાવિકાસ અઘાડી (મહાવિકાસ અઘાડી) સીટ ફાળવણીમાં વ્યસ્ત છે. મુંબઈની ૩૬ વિધાનસભા બેઠકોમાંથી ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ ૨૧ બેઠકો પર દાવો માંડ્યો છે. ઠાકરેની પાર્ટીએ તે માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આ ઉપરાંત શરદ પવાર સાતથી વધુ સીટોની માગણી કરી રહ્યા છે. આ બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો કોંગ્રેસને માત્ર ૮ બેઠકો જ મળશે. આથી અહી બેઠકોની ફાળવણીને લઈને મોટો હોબાળો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શિવસેના (યુબીટી)એ મુંબઈ ની ૩૬માંથી ૨૧ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. શરદ પવાર સાત બેઠકો ઈચ્છે છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ માટે માત્ર આઠ બેઠકો બચી હોવાથી પાર્ટીમાં નારાજગી જોવા મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શરદ પવારે મુંબઈમાં અંધેરી-વેસ્ટ, વર્સોવા, કુર્લા, અણુશક્તિ નગર, દહિસર, ઘાટકોપર-ઈસ્ટ અને ઘાટકોપર-વેસ્ટ સીટોની માંગણી કરી છે .ઓક્ટોબર-નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં તમામ પક્ષો પોતાની રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીમાં સીટ ફાળવણી અને મુખ્ય પ્રધાનના ચહેરાને લઈને આંતરિક મતભેદો હોઈ શકે છે, પરંતુ આઘાડીના નેતાઓ આગામી વિધાનસભા ચૂંટણીમાં સરકાર બનાવવાનો દાવો કરતા જોવા મળે છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાલાસાહેબ થોરાતે ગુરુવારે કહ્યું હતું કે એમવીએ આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ૨૮૮માંથી ૧૮૦થી વધુ બેઠકો જીતશે. તેમણે ઉમેર્યું હતું કે મહાવિકાસ આઘાડીમાં ૧૨૫ બેઠકો પર સહમતી સધાઈ છે અને બાકીની બેઠકો માટે વાતચીત ચાલી રહી છે.મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરે જૂથ, મહાવિકાસ આઘાડીમાં શરદ પવાર જૂથે લોકસભાની જેમ વિધાનસભામાં પણ ચમત્કાર કરવાની યોજના બનાવી છે.દરમિયાન તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં સંજય રાઉતે દાવો કર્યો હતો કે મુંબઈમાં મહાવિકાસ અઘાડી મજબૂત સ્થિતિમાં છે. તેમણે કહ્યું કે મુંબઈમાં મહાયુતિ માટે પડકાર હતો. તેમણે મહાવિકાસ અઘાડીમાં સીટ ફાળવણી અંગે કોઈ નિવેદન આપ્યું નથી. પરંતુ દાવો કરવામાં આવી રહ્યો છે કે મહાવિકાસ અઘાડીમાં ૧૨૫ બેઠકો પર સહમતિ સધાઈ છે. સંજય રાઉતે ખુલાસો કર્યો હતો કે મહાયુતિ માટે કોઈ સીટ સ્યોર-વિન નથી.

# ઉચ્છલનાં જુગારના ગુનામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ શ્રી ડી.એસ. ગોહીલ, પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી. તાપી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. શ્રી એન. જી. પાંચાણી એલ.સી.બી. તાપી, એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાઈવે પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન અ.હે.કો. જયેશભાઈ લીલકીયાભાઈ તથા અ. પો. કો. રવિન્દ્રભાઈ મહેન્દ્રભાઈને મળેલ બાતમી આધારે સોનગઢ નવા આર.ટી.ઓ. ચેક પોસ્ટ પાસેથી ઉચ્છલ પોલીસ સ્ટેશનમા નોંધાયેલ જુગારના ગુનાના કામે સંડોવાયેલ નાસતો ફરતો આરોપી- રાજુભાઈ વીરસિંગ ભાઈ કોંકણી, ઉ.વ.૪૨, રહે. શ્રાવણી, તા.નવાપુર જી. નંદુરબાર (મહા)ને આજે તા.૧૪/૦૯/૨૦૨૪ નારોજ પકડી પાડતા કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને આ ગુનાના કામે અટક કરવામાં આવેલ છે.કામગીરી કરનાર ટીમ :-પો.ઈન્સ. શ્રી ડી.એસ. ગોહીલ એલ.સી.બી તાપીની સુચનાથી પો. સ. ઇ. શ્રી, એન.જી. પાંચાણી, એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઇ, અ.હે.કો. અનિરૂધ્ધ સિંહ દેવસિંહ, અ.હે.કો. જયેશ ભાઈ લીલકીયાભાઈ, અ. પો. કો. રવિન્દ્રભાઈ મહેન્દ્ર ભાઈ, અ.પો.કો. રાહુલભાઇ દિગંબર ભાઈએ કામગીરી કરેલ છે.

# તાપીમાં સોનગઢ પોલીસનો બુટલેગરો પર સપાટો





**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** પોલીસ ઈન્સપેક્ટરશ્રી, સોનગઢ પોલીસ સ્ટેશનની સીધી સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. એ. સી. ચૌધરી, તથા એ.એસ.આઇ. રૂમશીભાઇ નાનીયાભાઇ, તથા અ. હે. કો. દશરથભાઇ ભુપતભાઇ, તથા અ.હે.કો. વિપુલભાઇ મંગાભાઇ, તથા આ.હે.કો. પ્રવિણભાઇ ભરત ભાઇ તથા અ.પો.કો. ગોપાલકુમાર કાળુભાઇ તથા અ.પો.કો. રાજુભાઇ જીણા ભાઇ તથા અ.પો.કો. ગુલાબ ભાઇ તુલસીરામભાઇ સોનગઢ પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી રાહે બાતમી મળેલ કે, “એક ટ્રક જેનો રજી નં. RJ14 GC 7538 માં એક ચોરખાના બનાવી તેમા ભારતિય બનાવટ નો વિદેશી દારૂ ભરી લઈ નવાપુર તરફથી સોનગઢ તરફ આવનાર છે.” વિગેરે બાતમી હકિકત મળતાં સોનગઢ ને.હા.૫૩ ઉપર, શીતલ ગાર્ડન હોટેલ સામે છુટા બાતમીવાળી ટ્રક આવતાં તેને ઉભી રખાવી ચેક કરતા ડ્રાઇવર સીટ પાછળ ચોરખાનું બનાવેલ હતુ. જેને ખોલી જોતા તેમા ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂના બોક્ષ મળી આવેલ જેથી ઔરંગઝેબ મોહમ્મદ જાવેદ ખાન, ઉ.વ.૩૩, ધંધો. ડ્રાઇવીંગ, હાલ રહે. ભીમપોર, નાનીદમણ, બોરી કેડાયા, ગુલાબભાઇ પટેલની ચાલમા, મુળરહે. દેવૈથા, થાણા. જામણીયા, તા. જી.ગાઝીપુર (ઉત્તરપ્રદેશ)ને ઝડપી લઇ ટ્રકમાથી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલો/ટીન કુલ નંગ ૩૮૮૨ જેની કિંમત ? ૪,૭૩,૨૫૦/- સહિત કુલ રૂપીયા ૧૧, ૭૮, ૨૫૦/-નો કુલ મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

## ઉકાઈ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ



**(પ્રતિનિધિ દ્વારા, ઉકાઈ) :** આજે તા. ૦૯/૦૯/૨૦૨૪ ના રોજ સોનગઢ તાલુકામાં ઉકાઈ પોલીસ સ્ટેશન ખાતે આગામી ઈદે મિલાદ તહેવાર તથા ગણપતિ વિસર્જન અન્વયે શાંતિ સમિતિની મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં ઉકાઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ. ડી. પ્રજાપતિ સાહેબના માર્ગદર્શન હેઠળ ગણેશ મંડળના આયોજકો તથા શાંતિ સમિતિના સભ્ય તથા આગેવાનો હાજર રહ્યા હતા.

# વન મહોત્સવ-૨૪ કાર્યક્રમ અંતર્ગત નિઝર પોલીસ લાઇનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** નિઝર પોલીસ સ્ટેશન હસ્તક નિઝર પોલીસ લાઇનમાં આજરોજ વન મહોત્સવ-૨૦૨૪ કાર્યક્રમ અંતર્ગત નિઝર વિધાનસભાના ધારાસભ્યશ્રી જયરામભાઈ ગામીતની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં નિઝર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી વી.કે.પટેલ તથા નિઝર તાલુકા પંચાયતના પ્રમુખ મેહુલભાઈ પાડવી, રમેશભાઇ પટેલ, સુહાગભાઇ પાડવી તેમજ ગામ આગેવાનો, પોલીસ કર્મચારી તથા ય્ઇઠ્ઠ સભ્યો હાજર રહેલ હતા. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા.

## વ્યારા નગરપાલિકા ટાઉન હોલ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ગુજરાત સરકારશ્રી આયોજીત વ્યારા નગરપાલિકા કક્ષાનો દસમા તબક્કાનો સેવાસેતુ મુખર્જી ટાઉન હોલ ખાતે સવારે ૦૮:૦૦ કલાકે યોયોજાનાર છે. કાર્યક્રમ તાઃ ૧૭/૦૯/૨૦૨૪ મંગળવારના રોજ ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી ટાઉન હોલ ખાતે યોજાશે. જેમાં આવક-જાતિના દાખલા, જન્મ-મરણના દાખલા, મેડીકલ-આરોગ્યને લગતી સેવા ઓ, બેંકને લગતી સેવાઓ, નિરાધાર-વૃધ્ધ સહાય, રેશનકાર્ડ, આધાર કાર્ડ, જેવી સરકારશ્રીની વિવિધ કચેરીઓની ૫૫ જેટલી સેવાઓનો ૧ (એક) જ સ્થળે લાભાર્થીઓ માટે ઉપલબ્ધ રહેશે. જેથી તમામ નગરજનોને લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

# તાપી ૧૦૮ દ્વારા અતિ જોખમી સગર્ભાની એમ્બ્યુલન્સ માં નોર્મલ પ્રસુતિ કરાવતી ૧૦૮ ટીમ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** વ્યારા તાલુકાના ડોલારા ગામ નો પ્રેગનેન્સીનો કેસ તાપી જિલ્લાના ચોરવાડ લોકેશનની ૧૦૮ ને મળ્યો હતો. ડોલારા ગામમાં રહેતા મહિમાબેન હિરાભાઈ ગામીત નામની મહિલા અતિ જોખમી સગર્ભા હતી તેને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ હોસ્પિટલ તરફ લઈ જતા રસ્તામાં અસહ દુખાવો ઉપડતા દર્દીને ચેક કરતા લાગ્યું કે એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવી પડશે તેથી એમ્બ્યુલન્સમાં રહેલ જરૂરી તૈયારી કરી ને ઈએમટી યશ પુરબિયા અને પાયલોટ દીલીપ કોટવાળીયા એમ્બ્યુલન્સની રસ્તાની સાઈડ પર ઉભી રાખીને અમદાવાદ હેડ ઓફિસમાં રહેલ ડોક્ટર ની સલાહ મુજબ એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરવાનો નિર્ણય લેતા ગર્ભવતી મહિલા ને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ નોર્મલ પ્રસુતિ કરાવતા મહિલાએ નવજાત શિશુનો જન્મ આપ્યો. અને વધુ સારવાર માટે વ્યારા ની સરકારી હોસ્પિટલમાં ૧૦૮ દ્વારા પહોંચાડવા માં આવ્યા.દર્દી અને તેના સગા સંબંધી જોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓનો આભાર માન્યો તથા ૧૦૮ જિલ્લા અધિકારી મયંક ચૌધરી તથા પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠક્કર વતી ચોરવાડ ૧૦૮ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આપણી તાપી જિલ્લાની તમામ ૧૦૮ ટીમ કોઈપણ કટોકટી ના સમય હંમેશા તૈયાર છે અને કઈપણ બનાવો કે ઈમરજન્સી માં બને તો તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી નો સંપર્ક કરવા વિનંતી

# સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા ખાતે “ગણેશ ઉત્સવ – ૨૦૨૪”નું આયોજન





**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાએ ૭/૦૯/૨૦૨૪ થી ૧૧/૦૯/૨૦૨૪ દરમિયાન “ગણેશ ઉત્સવ – ૨૦૨૪” નું આયોજન કર્યું હતું. સંસ્થાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ ભગવાન ગણેશની “ઈકો-ફ્રેન્ડલી” મૂર્તિની સ્થાપના કરી. તમામ વર્ષના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો દ્વારા ભગવાન ગણેશની દરરોજ સવારે અને સાંજે આરતી કરવામાં આવી હતી.ગણેશ ઉત્સવમાં તારીખ ૧૦/૯/૨૦૨૪ ના રોજ સાંજે ગણેશજીને “૫૬ ભોગ” ચઢાવવામાં આવ્યા હતા અને મહા આરતી કરી હતી. તારીખ ૧૧/૯/૨૦૨૪ ના રોજ છેલ્લા દિવસે સત્યનારાયણની કથા કરવામાં આવી હતી. ત્યારબાદ ડીજે અને ઢોલ સાથે આધ્યાત્મિક વાતાવરણમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિ સમિતિ અને ગણેશ સમિતિના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# તાપી જિલ્લામા પોષણ માહ-૨૦૨૪ અંતર્ગત વિવિધ પ્રવૃતિ દ્વારા ઉજવણી કરાઇ

## ગણેશ ઉત્સવ દરમ્યાન વિવિધ પંડાલોમાં જઈ આંગણવાડી કાર્યકરો દ્વારા ટીએચઆરના લાભાર્થીઓને વિવિધ લાભોથી અવગત કરાયા



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** તા.૧૨ રાજય સરકાર દ્વારા સગર્ભા માતા, કિશોરીઓ, બાળકો, સુપોષિત બને તે માટે દર વર્ષે સપ્ટેમ્બર માસમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજયામા પોષણ અભિયાન અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ ધાત્રી માતાઓ કિશોરીઓ અને છ થી ઓછી ઉંમરના બાળકો માં પોષણના પરિણામોને સર્વગ્રાહી રીતે સુધારવાનો પ્રયાસ કરવામા આવી રહ્યા છે.

તાપી જિલ્લામાં પોષણ માહ-૨૦૨૪ અંતર્ગત વિવિધ પ્રવૃતિ દ્વારા ઉજવણી કરતા કાર્યક્ર્મો નુ આયોજન કરવામા આવ્યું છે. આજ રોજ ગણેશ ઉત્સવ દરમ્યાન વિવિધ પંડાલોમાં જઈ આંગણવાડી કાર્યકરો દ્વારા ટીએચઆરના લાભાર્થીઓને વિવિધ લાભોથી અવગત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પોષણ માસની ઉજવણીનો મુખ્ય આશય મહિલાઓને સશક્ત બનાવવાનો અને બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે, જે માટે પોષણ, શિક્ષણ અને સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું ખુબ જરૂરી છે. તાપી જિલ્લામાં પોષણક્ષમ આહાર અંગે વધુને વધુ જનજાગૃતિ કેળવવા માટે વિવિધ થીમ આધારિત કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે.બાળકોના સર્વાંગી વિકાસને વધુ મજબુત કરવા પર પણ વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે.

## માંડવીનો મુખ્ય કચેરી માર્ગ ચીથરે હાલ



**માંડવી,** શહેરના પ્રવેશ દ્વાર સમા ગૌરવ પથ ઉપર આવેલ સુપડી વિસ્તારથી તાલુકા પંચાયત કચેરી તરફ જતો માર્ગ છેલ્લા ઘણા સમયથી ચિથરે હાલ થઈ ગયો છે. પાલિકા દ્વારા ખાડાઓ પૂરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ વરસાદના કારણે ખાડામાં કરાયેલું પુરાણનું ધોવાણ થઈ રહેતા ફરી પાછા મોટા ખાડા સર્જાય રહ્યા છે.સુપડી વિસ્તારથી કચેરી સુધીમાં કેટલીક જગ્યાએ ઘણા ઊંડા ખાડાઓથી વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.